દિવ્ય ભાસ્કર, અમદાવાદ, પાના નંબર-૦૨.
તારીખ :- ૩૧/૦૫/૨૦૨૬.

ગરબા-ઉત્તરાયણની થીમ, 750 V ડીસી સિસ્ટમવાળી દેશની પ્રથમ સ્વદેશી મેટ્રો

# 350 કરોડના ખર્ચે જૂનના અંત સુધીમાં 10 નવી ડ્રાઈવરલેસ મેટ્રો ટ્રેન આવશે

## 6થી 8 મહિના ટેસ્ટિંગ ચાલશે : ગ્યાસપુર, ઈન્દ્રોડા ડેપોમાં મેન્ટેનન્સ થશે

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

અમદાવાદ મેટ્રો માટે પશ્ચિમ બંગાળની ટીટાગઢ રેલ સિસ્ટમ્સ દ્વારા સંપૂર્ણ સ્વદેશી એવી અત્યાધુનિક ડ્રાઈવરલેસ (ઓટોમેશન ગ્રેડ 4) મેટ્રો ટ્રેન તૈયાર થઈ રહી છે. ગરબા અને ઉત્તરાયણની થીમ ધરાવતી 3 કોચવાળી એક ટ્રેનની કિંમત 35 કરોડ છે. કુલ 350 કરોડના ખર્ચે આવી 10 ટ્રેનોનો ઓર્ડર અપાયો છે. અગાઉ અમદાવાદની 32 ટ્રેનો દક્ષિણ કોરિયાથી આવી હતી, જ્યારે આ 10 ટ્રેનો મેક ઈન ઈન્ડિયા હેઠળ ભારતમાં બની છે. જૂન અંતમાં ટ્રેન આવ્યા બાદ રિસર્ચ ડિઝાઈન્સ એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓર્ગેનાઈઝેશન અને કમિશનર ઓફ મેટ્રો રેલ સેફ્ટી દ્વારા 6 થી 8 મહિના સુધી સિસ્ટમ અને સેફ્ટીનું સઘન ટેસ્ટિંગ કરાયા બાદ જ તેને મુસાફરો માટે ખુલ્લી મુકાશે.

### પ્રતિ કલાક 80થી 90 કિમીની ઝડપે દોડાવી શકાશે



**મજબૂત બનાવટ :** આકર્ષક સ્ટેનલેસ સ્ટીલ બોડી સાથે ટ્રેક પર 80-90 કિમીની ઝડપે દોડવા સક્ષમ.

**હાઈટેક સુવિધા :"** સંપૂર્ણ એરકંડિશન્ડ, ઓટોમેટિક ઓપરેશન, ડિજિટલ ડિસ્પ્લે અને સ્માર્ટ ઈન્ફર્મેશન સિસ્ટમ.

**સુરક્ષા અને મેન્ટેનન્સ :** સીસીટીવી કેમેરા અને ફાયર ડિટેક્શનથી સજ્જ. શરૂઆતમાં ગ્યાસપુર અને ડેપો તૈયાર થતાં ગાંધીનગરના ઈન્દ્રોડા ખાતે શિફ્ટ થશે.